**મે.અમદાવાદ ખાતેનાં મજુર અદાલત નં.૪ ના પ્રિસાઈડીંગ ઓફિસરશ્રીની કોર્ટમાં, મુ.અમદાવાદ.**

**જુના ફોજદારી કેસ નં.૧૦૬૨/૨૦૧૧**
**નવા ફોજદારી કેસ નં.૯૦૦/૨૦૧૮**
**આંક–**

**ફરીયાદી ::–** કારખાના નિરીક્ષક
(શ્રી જી.એ.નસીત કારખાના નિરિક્ષક, અમદાવાદ)

**– : : વિરુધ્ધ : : –**

**આરોપી ::–** મનીષભાઈ આર પટેલ
કોનાર્ક મશીન રૂલ્સ
૧, આનંદનગર, ચાંદલોડીયા, અમદાવાદ
**ગુનો** :કારખાના અધિનીયમ,૧૯૪૮ અન્વયે..

**–:: ઠ રા વ ::–**

---

ફરીયાદી તરફે..ગેરહાજર
આરોપી તર્ફે..ઓથોરાઈઝડ પરર્સન મારફતે હાજર

---

**–:: ઠ રા વ ::–**

(૧) નામ.ગુજરાત હાઈકોર્ટના નોટીફીકેશન નં.એ.૩૬૦૮/૨૦૧૫, તા.૨૩/૦૬/૨૦૧૭ અન્વયે ફોજદારી કેસો ચલાવવાની સત્તા સીવીલ જજ તથા જયુ.મેજી.ફ.ક.ને મળતા સદરહું ફોજદારી કેસ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,અમદાવાદની કોર્ટમાંથી અત્રેની મજુર અદાલતમાં ટ્રાન્સફર થતા,સદરહું ફોજદારી કેસને ફોજદારી કેસ નં.૯૦૦/૨૦૧૮ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે.

(૧) ફરીયાદપક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે,આ કામના ફરીયાદી ફેકટરી એકટની ક.૮ નીચે નિરીક્ષક તરીકે નિમાયેલા છે.કારખાના નિરિક્ષકે

તા.૧૮/૦૩/૨૦૧૧ ના રોજ આરોપીએ સદરહુ કામદારને નમુના નં.૧૯ માં પગારી રજાના કાર્ડ સને–૨૦૧૧ માટેના પુરા પાડેલ નથી. આમ સદરહું આરોપી ને ગુજરાત કારખાનાના નિયમો ૧૯૬૩ ના નિયમ–૯૫(૧) ની જોગવાઈ નો ભંગ કરેલ અને કારખાના ધારા ૧૯૪૮ કલમ– ૯૨ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ હોવાની લેખિત ફરીયાદ શ્રી સરકારી અધિકારીએ કોર્ટ સમક્ષ રજુ કરેલ છે

(૨) હાલની ફરીયાદ અત્રેની અદાલતમાં ટ્રાન્સફર થઈ આવ્યા બાદ,અત્રેની અદાલત ધ્વારા આ કામના આરોપીને સમન્સ કરતા,આરોપી વતી તેમના ઓથોરાઈઝડ પરર્સનશ્રી **રાકેશ ચંદ્રકાન્ત પંડયા** જાતે અત્રેની અદાલત સમક્ષ હાજર થયેલ છે અને આંક–૧૫ થી તેઓનો ઓથોરીટી લેટર રજુ કરેલ છે, ત્યારબાદ તેઓને વિના મુલ્યે કેસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ,ત્યારબાદ તેઓની આંક–..... થી પ્લી લેવામાં આવેલ, જેમાં તેઓ ગુનો કબુલ કરેલ છે અને આંક–.... થી કબુલાત પુરસીસ પણ રજુ રાખેલ છે અને તેઓનો/સંસ્થાનો પ્રથમ ગુનો હોય દરગુજર કરવા તેમજ ભવિષ્યમાં આવો ગુનો ફરીથી નહીં કરે તેવી ખાત્રી આપેલ છે અને આ તેનો પ્રથમ ગુનો હોય રહેમ રાખી ઓછામા ઓછી શિક્ષા કરવા અરજ કરેલ છે.

(૩) હાલના કામે તહોમતદારોના ઓથોરાઈઝડ પરર્સન શ્રી **રાકેશ ચંદ્રકાન્ત પંડયા** એ ગુન્હા ની કબુલાત પુરશીસ રજુ કરતા આરોપીને સમજાવવામા આવેલ કે તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુન્હો કબલુ કરશે તો આવી કબુલાત તેઓ વિરૂધ્ધ પુરાવા તરીકે ઉપયોગમા લેવાશે, આમ છતા તેઓ તમા તોહમદાર વતી હાલનો ગુનો કબુલ કરતા હોવાનું જણાવે છે,ત્યારબાદ તમામ તહોમતદારો વતી તેમના ઓથોરાઈઝડ પરર્સન શ્રી **રાકેશ ચંદ્રકાન્ત પંડયા** ની પ્લી રેકર્ડ કરવામા આવતા તેમા પણ તેઓ આ કામે તહોમતદાર કંપનીના ઓથોરાઈઝડ પરર્સન તરીકે હાલનો ગુન્હો કબુલ હોવાનુ જણાવેલ છે.આમ આ કામે તહોમતદાર કંપની

તેમના ઓથોરાઈઝડ પરર્સન વતી સ્વૈચ્છિક રીતે પોતાનો ગુન્હો કબલુ કરતા હોવાનુ જણાય છે.

(૪) ઉપરોકત રજુઆત તથા કેસની હકીકત તથા કાયદામાં કરવામાં આવેલ સજાની જોગવાઈ ધ્યાનમાં લેતા,આ કામે તહોમતદાર તે કંપનીના જવાબદાર અધિકારી હોય, તેમજ તેઓ સ્વૈચ્છાપૂર્વક રાજી ખુશીથી હાલનો ગુનો તેમના ઓથોરાઈઝડ પરર્સન મારફતે કબુલ રાખતા હોય, હાલના તહોમતદારને શિક્ષાત્મક સજા કરવાને બદલે દંડાત્મક શિક્ષા કરવામા આવેશે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેવુ અત્રેની કોટર્નુ માનવુ છે.સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટટે ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરચંદજી ઠાકોર રીપોર્ટેડ ઈન ૨૦૦૫(૧) જી.એલ.આર. પાનું–૭૦૯ નાં ચુકાદામાં પ્રસ્થાપિત કરલે સિધ્ધાંતને લક્ષમાં લેતાં, હાલના આરોપી વિરુધ્ધ ગુનો સાબીત થયેલ છે તેમજ તેઓની રજુઆતને ધ્યાનમાં લઈ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>–: હુ ક મ :–</u>**

૧) કામે આરોપી/સંસ્થાને ક્રિ.પ્રો.કો.ક.૨૫૨ અન્વયે કારખાનાધારા ૧૯૬૩ ના નિયમ–૯૫(૧) ના ભંગ બદલ કારખાના ધારાની ક.૯૨ હેઠળ તકસીર વાન ઠરાવીને આરોપી/સંસ્થાને રૂા.૨,૦૦૦/–(અંકે રૂપિયા બે હજાર પૂરા) નો દંડ, અને જો દડં ન ભરે તો દિન.–૩૦ ની સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.

૨) આરોપી દંડની રકમ ભરવાનો કસૂર કરે તો તેઓએ એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

૩) આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

હુકમ આજરોજ નામ.ઔદ્યોગિક અદાલત,ગુજરાત રાજયના નોટિફીકેશન નં. NO.ICLC/9158/2019,Dt.10/07/2019 મુજબ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૩ –૦૭–૨૦૧૯
સ્થળ : અમદાવાદ.

**( દિપક હસમુખભાઈ ખંભાતી)**
**CODE : GJ00866**
**એડિશ્નલ ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ,**
**ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)**
**લેબર કોર્ટ, અમદાવાદ**